#048

😃…તો આગળ વધાય ➡

પોતાની ભૂલ સ્વીકારવી એ હાર નથી એ તો સાચી જીતની શરૂઆત છે.

મહાન વૈજ્ઞાનિક Albert Einstein એ કહ્યું હતું કે “જે વ્યક્તિ ક્યારેય ભૂલ કરતો નથી, તે ક્યારેય કંઈ નવું કરતો જ નથી.” એટલે ભૂલ થવી એ સ્વાભાવિક છે… પણ એને સ્વીકારવા માટે અસાધારણ હિંમત જોઈએ.

જ્યારે આપણે પોતાની ભૂલને સ્વીકારી લઈએ છીએ, ત્યારે બે વસ્તુ થાય છે:
એક – આપણો અહંકાર નાનો થાય છે.
બે – આપણું જ્ઞાન મોટું થાય છે.

વિદ્યાર્થી હોય, શિક્ષક હોય કે નેતા – પ્રગતિ એ જ કરે છે જે “હા, અહીં હું ખોટો હતો, ફરી ધ્યાન રાખીશ” એમ કહી શકે. કારણ કે સ્વીકાર પછી જ સુધારાની શરૂઆત થાય છે.

આજે નક્કી કરીએ – ભૂલ છુપાવવાની નહીં, સ્વીકારવાની હિંમત રાખીશું.

મિત્રો યાદ રાખીએ..
ભૂલ અંત નથી,
ભૂલ તો સુધારાની નવી તક છે.

એટલે હિંમત રાખી, સ્વીકારી, અને આગળ વધીએ.